શહેરી સ્થાનિક સસ્થાઓ ... પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મારફત પાણી ... કરાવવા અંગે.

૧૯/૧-૩૮

ગુજરાત નાણા પંચની ભલામણોના અમલ અંગે
અગ્નિશામક સામગ્રી રાખવા અંગે.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ નંબર જીએફસી/૧૧૨૦૦૦/૨૫૦૭/આર.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૪-૮-૨૦૦૦

ઠ રા વ

રાજય સરકારે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તા.૧૫-૯-૯૪ ના જાહેરનામાથી રાજય નાણા પંચની ભલામણોમાં રાજયની નગરપાલિકાઓમાં અગ્નિશામક સેવાઓ અંગેની ભલામણોનો પણ સમાવેશ થાય છે જે અંગેના વેરા વગેરેની બાબત અલગ રીતે સરકાર વિચારી રહી છે. દરમિયાનમાં શહેરો/નગરોમાં આવેલ બહુમાળી મકાનો/કારખાનાઓ વગેરેમાં સાવચેતીના પગલાંરૂપે અગ્નિશામક સાધનો રહે તે અત્યંત જરૂરી છે. આથી શહેરોમાં આવેલ બહુમાળી મકાનો, કારખાનાં તથા મોટા ઉદ્યોગો વગેરેના માલિકો અગ્નિશામક સામગ્રી રાખે તેની દરેક શહેરી સ્થાનિક સંસ્થાએ કાળજી લેવી. તેવી વ્યવસ્થા કરાઇ ન હોય તો તે કરવા સંબંધિતને જણાવવું અને સમયાંતરે યોગ્ય રીતે રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરવી અને જો આવી અગ્નિશામક સામગ્રી રાખવામાં ન આવી હોવાનું ધ્યાને આવે કે કોઇ ક્ષતિ જણાય તો તરત જ તેવા કિસ્સામાં કાયદાથી મળતાં અધિકારો મુજબની શિક્ષાત્મક કાર્યવાહી શરૂ કરવી.

ઉપર્યુકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી તમામને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી.એમ.ગોહિલ )
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ.

- ☆ ગુજરાતના રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- ☆ મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ☆ તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ☆ વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ☆ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ☆ સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ☆ શહેરી વિકાસ વિભાગ હેઠળના ખાતાના વડાઓ.
- ☆ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અમદાવાદ-૯
- ☆ પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુ.રા.કલેકટર કચેરી કંપાઉન્ડ, રાજકોટ.
- ☆ સર્વે કમિશનરશ્રી, સર્વે મહાનગરપાલિકા./ સર્વે કલેકટરશ્રી
- ☆ સર્વે નગરપાલિકા.
- ☆ સચિવાલયના સર્વે વિભાગ.
- ☆ વિભાગના સર્વે અધિકારીશ્રી/ વિભાગની તમામ શાખાઓ/શાખા/મદદનીશ પસંદગી ફાઇલ.

કાકંર